### અરવલ્લી એસપી સંજય ખરાતે

## "વેતન નહીં વતન માટે" યુવાનોને ટીંટોઈ ખાતે તાલીમ આપતા નિવૃત્ત આર્મી જવાનની મેદાન પર મુલાકાત લઈ પ્રોત્સાહિત કર્યા

ટીંટોઈ ગામના ખેમાભાઈ અંબાભાઈ મોરી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીલ સિક્યુરિટી ફોર્સ (અર્ધ લશ્કરી દળ)માં ૩૯ વર્ષ સુધી દેશની રક્ષા કરી ૫ મહિના અગાઉ વયનિવૃત્ત થયા હતા. નિવૃત્તિ લીધા બાદ અન્ય યુવાનો પણ દેશ માટે કંઈક કરી શકે તેવા ઉદ્દેશ સાથે ગામના ગૌચરને લશ્કરી ટ્રેનિંગ સેન્ટરની જેમ ફેરવી દઈ સ્થાનિક અને આજુબાજુના વિસ્તારના યુવાનોને આર્મીમાં જોડાવા માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવા નિઃશુલ્ક તાલીમ કેમ્પ શરૂ કર્યો છે જેમાં મોટી સંખ્યામાં ૧૦ થી વધુ ગામના યુવકો તાલીમ લઈ રહ્યા છે. આ અંગેનો અહેવાલ મેરાન્યુઝમાં પ્રસિદ્ધ થતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે નિવૃત્ત આર્મી જવાનને પોલીસભવન ખાતે આમંત્રિત કર્યા બાદ સોમવારે ટીંટોઈ ગામે મેદાનની મુલાકાત લઈ આર્મી જવાનની દેશ ભક્તિને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.



અરવલ્લી એસપી સંજય ખરાતે સોમવારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેક્શન કરવાની સાથે ટીંટોઈ અને દધાલિયા આઉટ પોલીસ સ્ટેશનની મુલાકાત કરી લોક સંવાદ કર્યો હતો અને રૂરલ પોલીસ સ્ટેશનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીનો ચિતાર મેળવ્યો હતો.

મોડાસા તાલુકના ટીંટોઈ ગામના સીઆઈએસએફમાં ૩૯ વર્ષ દેશની રક્ષા કરી નિવૃત્ત થયેલા ખેમાભાઈ અંબાભાઈ મોરી 'વેતન માટે નહિ વતન' માટે નિઃશુલ્ક યુવાનોને આર્મીમાં જવા માટે શારીરિક માનસિક રીતે તૈયાર કરવાનું અનોખુ અભિયાન ચલાવાઈ રહ્યા છે, ત્યારે તેમની દેશભક્તિને સલામ કરવા જીલ્લા પોલીસવડા સંજય ખરાત ટીંટોઈ મેદાનમા પહોંચી ખેમાભાઈ મોરીની મુલાકાત કરી જરૂરી માર્ગદર્શન આપવાની સાથે કોઈ પણ જરૂરિયાત જણાય તો ધ્યાન દોરવા તાકીદ કરી હતી, ખુદ જીલ્લા એસપી સંજય ખરાતે ખેમાભાઈ મોરી અને મેદાનની મુલાકાત લઈ પ્રોત્સાહિત કરતા નિવૃત્ત આર્મી જવાનનો હોંસલો બુલંદ બન્યો હતો. નિવૃત આર્મી જવાને એસપીને ટ્રેનિંગ અંગે જણાવ્યું હતું જેમાં યુવાનોને ફિઝિકલ ફિટનેશ માટે ૧૬૦૦ મીટર રનીંગ, ૧૦૦ મીટર ફાસ્ટ ટ્રેક દોડ અને યોગ થકી શારીરિક મજબૂતી જળવાઈ રહે તે માટે યોગ ક્લાસ કરાવતા હોવાનું જણાવ્યું હતું.

# પ્રાંતિજ એચડીએફસી બેંકમાં ચાર બેંક કર્મચારીઓનો કોરોના પોઝીટીવ

### બેંક ચાર દિવસ માટે બંધ રાખવામાં આવી




પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એચડીએફસી બેંકમાં બેંકના ચાર કર્મચારીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતાં ચાર દિવસ માટે બેંક બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પ્રાંતિજના એપ્રોચરોડ ઉપર આવેલ એચડીએફસી બેંકમાં કામ કરતા કર્મચારીઓમાંથી ચાર કર્મચારીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા અન્ય બેંક કર્મચારીઓ તથા બેંકમાં આવતા ગ્રાહકોના હિત માટે બેંક દ્વારા ચાર દિવસ માટે બેંકની સંપુર્ણ કામગીરી બંધ રાખવાનો નિર્ણય લઈ બેંકને ચાર દિવસ માટે બંધ રાખવામાં આવી છે. બેંકને સેનીટાઈઝ કરવામાં આવી છે ત્યારે હાલ તો બીજી બાજુ બેંક બંધ રહેતા બેંકમાં રોજીદુ કામ અર્થે આવતાં બેંક ગ્રાહકો સલવાયા હતા.

## બાયડ તાલુકાના દેરોલી ગામે લાકડી વડે હુમલો કરતા ત્રણ સામે પોલીસ ફરીયાદ

બાયડ, તા. ૨૦

બાયડ તાલુકાના દેરોલી ગામે લાકડી વડે હુમલો કરતા ત્રણ સામે પોલીસ ફરીયાદ નોંધાવા પામી હતી. આ અંગે મળતી માહિતી મુજબ તારાબેન વિક્રમસિંહ અભેસિંહ સોલંકીની ફરીયાદના આધારે દેરોલી પ્રા.શાળામાં મોટર ચોરી થયેલ હોવાથી વિક્રમસિંહ શિક્ષક જોડે વાતચીત કરતા હતા તે દરમ્યાન સાંજના સુમારે વિક્રમસિંહને સુરેશસિંહ, સોમસિંહ, જીતેન્દ્રસિંહ જેમ મન ફાવે તેમ બિભત્સ ગાળો બોલતા હતા, ગાળો બોલવાની ના પાડતા આ ત્રણે જણા ઉશ્કેરાઈ જઈને વિક્રમસિંહને ઝપાઝપી કરી સુરેશસિંહ, સોમસિંહ લાકડી લઈને વિક્રમસિંહને શરીરે લાકડી વડે હુમલો કરતા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આજે તો બચી ગયો છે હવે એકલો મળીશ તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા હતા. બાયડ પોલીસે તારાબેન વિક્રમસિંહ અભેસિંહ સોલંકી ફરીયાદ નોંધી સુરેશસિંહ સોમસિંહ સોલંકી, સોમસિંહ પ્રતાપસિંહ સોલંકી, જીતેન્દ્રસિંહ સોમસિંહ સોલંકી (તમામ રહે. દેરોલી) સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# શામળાજી-ગોધરા હાઈવે નં-૫ પર ઠેર ઠેર ગેરકાયદેસર આપેલ કટ દુર કરવા તાકીદ

### એસ.પી. સંજય ખરાતે સ્ટેટ હાઇવે ઓથોરિટીને પત્ર લખ્યો

અરવલ્લી જિલ્લામાંથી પસારથતો રાજ્યધોરીમાર્ગે નં-૫ શામળાજી-ગોધરા ફોરલેન માર્ગના નિર્માણ પછી હાઈવે ની



બંને બાજુ તરફ આવેલ પેટ્રોલ પમ્પો અને હોટલો વાળાઓએ ગ્રાહકો મેળવવામાં માટે પ્રજાજનો અને વાહનચાલકોના જાનના જોખમે આડેધડ ડિવાઈડરો તોડી પાડી અવરજવર માટે જગ્યાઓ બનાવતા તોડી પડાયેલ ડિવાઈડરોમાંથી વાહનો રોડ ક્રોસ કરતા હોવાથી અકસ્માતની ઘટનાઓ છાસવારે બની રહેતા આ અંગે અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ગુજરાત રોડ ડેવલોપર્સ કોર્પોરેશન ગાંધીનગર મેનેજરને પત્ર લખી ને.હા.નં-૫ આવેલ ગેરકાયદેસર કટ દૂર કરવા તાકીદ કરી છે અને ગેરકાયદેસર કટ કરનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી તાત્કાલિક અસરથી કામગીરી કરવા જણાવ્યું છે. ગેરકાયદેસર કટ દૂર કરવા જીલ્લા કલેક્ટર અને રોડ નિર્માણ કરનાર એલએન્ડટી કંપનીને પણ જાણ કરવામાં આવી છે જીલ્લા પોલીસવડાની કામગીરીની લોકોએ ભારે સરાહના કરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે નં-૫ શામળાજી આશ્રમ ચોકડીથી મોડાસા સહયોગ ચોકડી, માલપુર ગલિયાદાંતી ટોલપ્લાઝાથી બાબલીયા ચોકડી સુધીના માર્ગ પર ઠેર ઠેર ગેરકાયદેસર કટના પગલે અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ ભોગ બની જીવ ગુમાવતા હોવાનું ધ્યાને આવતા આ અંગે સમગ્ર હાઈવે પર નિરીક્ષણ કરી ગેરકાયદેસર ધંધાર્થીઓએ આપેલ ૩૬ કટ શોધી કાઢી આ અંગેના ફોટોગ્રાફ સહીત વિસ્તૃત માહિતી સાથે ગાંધીનગર સ્થીત ગુજરાત રોડ ડેવલોપર્સ કોર્પોરેશન લિમિટેડના મેનેજર, જિલ્લા કલેકટર અને રોડ પર ટોલપ્લાઝા ધરાવતી એલ એન્ડ ટી કંપનીને પત્ર લખી ગેરકાયદેસર કટ હટાવવા તાકીદ કરી છે અને આર્થિક લાભ ખાતર હાઈવે પર ગેરકાયદેસર કટ કરનાર શખ્સો સામે મોટર વિહકલ એક્ટ મુજબ ગુન્હો બનતો હોવાથી આઈપીસી એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવેની તાકીદ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય ધોરીમાર્ગ પર બિન અધિકૃત રીતે તોડી પડાયેલ ડિવાઈડરો તોડી બનાવી દિધેલ માર્ગ વિષે ટોલરોડ સંચાલકો પણ જાણતા હોવા છતાં ભેદી સૂચક મૌન દાખવતા તેમની પણ મીલીભગત હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# માલપુર-ખલીકપુર નજીક વાત્રક બ્રિજ પર સળગી ઉઠેલ કારે રહસ્ય સર્જ્યુ

### કારચાલક ગાયબ થતા લોકોમાં તરહ તરહની ચર્ચા

અરવલ્લી જીલ્લામાં સીએનજી કીટ ધરાવતા વાહનોમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. સીએનજી ગેસ કીટ ચાલતા વાહનો જીવતા બોંબ સમાન હોય તેમ અનેકવાર જીલ્લામાંથી પસાર થતા વાહનો રોડ પર દોડતા દોડતા સળગી ઉઠતા હોવાની ઘટનાઓ



છાસવારે બની રહી છે. માલપુર નજીક ખલીકપુર ગામ નજીક આવેલ વાત્રાક બ્રિજ પરથી પસાર થતી કાર અચાનક ભડભડ સળગી ઉઠતા બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો થંભી ગયા હતા. આજુબાજુથી લોકો પણ દોડી આવ્યા હતા, કારમાં આગ લાગ્યા બાદ કાર માલિક કે કારચાલક ઘટનાસ્થળે જોવા નહિ મળતા અનેક રહસ્યો સર્જાયા છે. કારની અંદર તો નહિ ભૂંજાઈ ગયો હોય કે પછી કારમાં કોઈ ગેરકાયદેસર ચીજવસ્તુની હેરાફેરી થઈ રહી હતી કે શું..?? સહીતની ચર્ચાએ જોર પકડ્યું છે. બીજા દિવસે પણ કાર બ્રિજ પર યથાવત પડી રહેતા સળગેલી કારે ભારે રહસ્ય સર્જ્યું છે માલપુર પોલીસ સ્ટેશને આ અંગે પણ કોઈ પણ પ્રકારની જાણ કરાઈ ન હોવાનું પીઆઈ એફ.એલ. રાઠોડે જણાવ્યું હતું.

સોમવારે રાત્રે ઉભરાણ નજીક આવેલ ખલીકપુર ગામ નજીક વાત્રક બ્રિજ પરથી પસાર થતી કારમાં આગ લાગતા કાર ગણતરીની મિનિટમાં આગમાં ખાખ થઈ ગઈ હતી. કારમાં આગ લાગ્યા બાદ કાર માલિક કે કાર ચાલક આજુબાજુ ક્યાંય જોવા નહિ મળતા સળગેલી કારે અનેક રહસ્યો સર્જ્યા છે. કારચાલક કારની અંદર જીવતો તો નહિ ભૂંજાયો હોય ને..?? કાર સળગ્યાની ઘટનાના બાર કલાક પછી પણ કાર માલિક કે કાર ચાલકે કાર બ્રિજ પરથી હટાવવાની કે પછી પોલીસને જાણ કરવાની તસ્દી ન લેતા કાર ચોરીની હશે કે પછી કારમાં કોઈ ગેરકાયદેસર ચીજવસ્તુઓની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાઈ હશે સહીતની તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે. સળગી ઉઠેલી કાર બ્રિજ પર પડી રહેતા વાહનચાલકોને અડચણ રૂપ બની રહી છે જેથી પોલીસતંત્ર દ્વારા કાર બ્રીજ પરથી ખેસેડી લેવામાં આવેની માંગ પ્રબળ બની છે. આગમાં ખાખ થયેલ કારના પગલે અન્ય કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા કાર અન્ય સ્થળે ખસેડી લેવામાં આવે તે તાતી જરૂરિયાત છે.



**પોશીના તાલુકાના વેપારી ઓન કોવીડ-૧૯ ટેસ્ટ કરી હેલ્થ કાર્ડ અપાયા**

પોશીના વેપારી મહામંડળ દ્વારા આજરોજ ગ્રામ પંચાયત ખાતે કોવિડ-૧૯ ટેસ્ટ આયોજનનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો જે અનુસંધાને ૧૮૦ જેટલા વેપારીઓએ તેનો લાભ લીધો હતો. આ સમગ્ર કામની દેખરેખ તાલુકા હેલ્થ ઓફિસર બનેસીંગ ગઢવી દ્વારા કરવામાં આવી હતી. તેમજ તાલુકાના ૩ આયુષ્ય ડૉક્ટરો, લેબોરેટરી ટેકનીશીયન તેમજ ફાર્માસિસ્ટ ફીમેલ હેલ્થ વર્કરની બહેનો તમામે તમામ કર્મચારીઓએ પોતાનો મહત્વનો ફાળો આપી અને તમામ વેપારીઓનો ટેસ્ટ કરી અને હેલ્થકાર્ડ આપવામાં આવ્યા હતા. જ્યારે વેપારી મહામંડળ આરોગ્ય વિભાગનો આભાર માન્યો હતો. આ અંગે તાલુકા હેલ્થ ઓફીસરે જણાવ્યુ હતુ કે આજરોજ એક પણ પોઝીટીવ કેસ નોંધાયો નથી.

### ડીસાની મુકબધીર સગીરા હત્યા કેસમાં

## શિક્ષીકા અને મુકબધીર મંડળે આરોપીને ફાંસીની સજાની માગ કરી

### જિલ્લા પોલીસ વડાની કચેરીએ આવેદનપત્ર આપી રજુઆત કરાઇ

પાલનપુર

ડીસાની મુકબધીર સગીરાને તેના કૈટુબીક ભાઈએ દુષ્કર્મ આચરી તેનું ગળુ કાપી ક્રૂર હત્યા કરવામાં આવી હતી.જેના પગલે કિશોરીની શિક્ષીકા અને મુકબધીર મંડળ દ્વારા જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર આપી આરોપીને કડકમાં કડક ફાંસીની સજા આપવામાં આવે તે અંગે રજુઆત કરવામાં આવી હતી. ડીસાની બાર વર્ષિય મુકબધીર સગીરાને તેના કૈટુંબીક નરાધમ ભાઈએ દુષ્કર્મ આચરી દાંતીવાડાના મોટી ભાખર ગામે તેનુ ગળુ કાપી ક્રૂર હત્યા કરવામાં આવી હતી.જેના દેશ ભરમાં ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે.જેના પગલે આરોપીને ફાંસીની સજા આપવામાં આવે તેવો એક સુર ઉઠી રહ્યો છે.જેથી સગીરાના શિક્ષીકા કચનબેન પંડ્યા અને પાલનપુર



મુક બધીર મંડળ દ્વારા આજરોજ નાયબ જિલ્લા પોલીસ વડા આર.કે.પટેલ ને આવેદન પત્ર આપી આરોપીને કડકમાં કડક ફાંસીની સજા થાય તેમજ દિકરીઓ ઉપર થતા અત્યાચાર રોકવામાં આવે તેવી માંગ સાથે આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

# ડીસાના કંસારી ત્રણ રસ્તેથી રેતી ભરેલું ડમ્પર ઝડપાયું

### ડમ્પરચાલક અને ક્વોરી માલિક સામે ગુનો દાખલ : રૂરલ પોલીસે ટ્રક સહિત કુલ ૧૦,૧૧,૯૭૭નો મુદ્દામાલ કબ્જે કર્યો

ડીસા, તા. ૨૦

ડીસા રૂરલ પોલીસે રેતી ચોરી કરતાં ડમ્પર સાથે ચાલકને ઝડપી પાડ્યો છે. મંગળવારે સવારે પેટ્રોલિંગ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે પોલીસે ટ્રકને રોકાવી હતી. આ



દરમ્યાન ચાલક પાસે રોયલ્ટીની કોઈ પાવતી ન હોવાથી તેની અટક કરી હતી. આ સાથે ટ્રકનું વજન કરાવી કુલ કિ. રૂ. ૧૦,૧૧,૯૭૭નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના કંસારી ત્રણ રસ્તા પાસેથી બાતમી આધારે પોલીસે રેતી ચોરી કરતી ટ્રકને ઝડપી પાડી છે. ડીસા રૂરલ પોલીસ મથકના અ.પો.કો. ભુરાભાઈ સહિતનો સ્ટાફ કંસારી ત્રણ રસ્તા પાસે પેટ્રોલિંગમાં હતો. આ દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે બનાસ નદીના પટમાંથી ગેરકાયદેસર રીતે રોયલ્ટી વગર પોતાના ડમ્પરમાં સાદી રેતીની ચોરી કરી નીકળનાર છે. જેથી પોલીસે બાતમી આધારે ચાલક સહિત ટ્રક ઝડપી પાડી હતી.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે પોલીસે ટ્રક સાથે ચાલક ગીરધારીભાઈ ભમરાભાઈ મેઘવાળ (રહે. પાચલા, તા. સાંચોર, જી.જાલોર)ની અટક કરી કોરોના ટેસ્ટ અંગેની કાર્યવાહી શરૂ કરી છે. આ સાથે ચાલક રેતી ક્યાંથી ભરી લાવ્યો તે બાબતે પુછતાં તેણે મહાદેવીયા ગામ નજીક બનાસ નદીમાં આવેલ રસીકજી સુરાજી ઠાકોરની ક્વોરીમાંથી ભરી લાવ્યો હોવાનું કહેતાં પોલીસે બંને સામે ફરીયાદ દાખલ કરી છે. આ સાથે પોલીસે ટ્રકની કિ. રૂ.૧૦,૦૦,૦૦૦ સહિત કુલ કિ. રૂ. ૧૦,૧૧,૯૭૭ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીઓ સામે આઈપીસીની કલમ ૩૭૯, ૧૧૪ અને એમએમડીઆર એક્ટની કલમ ૨૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસામાંથી પસાર થતી બનાસ નદીમાંથી મોટાપાયે રેતીની તસ્કરી થઈ રહી છે. મોકળું મેદાન જોઈ રેત માફિયાઓ રાત દિવસ રેતી ઉલેચે છે. તેમાં પણ બનાસની રેતી બાંધકામ માટે શ્રેષ્ઠ ગણાય છે. તેથી આ રેતી બિનધિકૃત રીતે ડમ્પરો અને ટ્રકો મારફત છેક મહેસાણા જિલ્લા અને રાજસ્થાન રાજ્યમાં ઠલવાય છે. તેથી એકબાજુ કુદરતી સંપદાના દુર્વ્યય સાથે રોયલ્ટી રૂપે સરકારને બેવડો ચુનો લાગે છે.

## પાલનપુર કોલેજમાં ફી વગર ફોર્મ ન સ્વીકારતા એ.બી.વી.પી.નો વિરોધ

### સાયન્સ કોલેજમાં બી.એસ.સી. સેમ-૩ માં ફી વગર પ્રવેશફોર્મ ન સ્વીકારતા હોવાની રાવ : એ.બી.વી. પી.ની મધ્યસ્થા બાદ મામલો થાળે પડ્યો

પાલનપુર જી.ડી.મોદી વિદ્યા સંકુલમાં બી.એસ.સી. સેમ-૩ ના વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા માટે કોલેજ આવ્યા હતા. પરંતુ સંસ્થા દ્વારા શૈક્ષણીક ફી ન ભરનાર વિદ્યાર્થીઓના ફોર્મ ન સ્વિકારવામાં આવતા વિદ્યાર્થીઓ દ્વારા એ.બી.વી.પી.ને રજુઆત કરવામાં આવી હતી.જેથી એબીવીપી દ્વારા ફી ભરવાની ખાત્રી આપવામાં આવતા સંસ્થા દ્વારા ફોર્મ સ્વિકારવામાં આવ્યા હતા.જેથી વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. કોરોના મહામારીના પગલે શાળા- કોલેજો બંધ છે. જેથી સંસ્થા વિદ્યાર્થી ઓને ઓનલાઈન અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. જેથી બી.એસ.સી. સેમ-૩ના વિદ્યાર્થીઓ કોલેજમાં ફોર્મ ભરવા માટે આવ્યા હતા. પરંતુ ફી ન ભરેલ વિદ્યાર્થીઓના ફોર્મ સ્વિકારવામાં ન આવતા વિદ્યાર્થીઓ દ્વારા અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદને રજુઆત કરવામાં આવી હતી. આ અંગે એ.બી.વી.પી.ના નગરમંત્રી શનિ રાવલે જણાવ્યુ હતુ, કે બી.એસ. સી સેમ-૩ના વિદ્યાર્થીઓએ શૈક્ષણીક ફી રૂ.૧૨૦૦૦ જેટલી ફી ભરવાના મુદ્દે અગાઉ રજુઆતના પગલે ફી હપ્તા સિસ્ટમથી ભરવાની સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવ્યુ હતુ. પરંતુ કોરોનાની મહામારીના પગલે વિદ્યાર્થીઓ પાસે નાણાંની સગવડ ન હોવાના કારણે ફી ભરી શકાઈ ન હતી.

જેથી મંગળવારના રોજ સેમ-૩નું ફોર્મ જમા કરાવવા આવેલા વિદ્યાર્થીઓના ફોર્મ સ્વિકારવામાં આવ્યા ન હતા. જેથી વિદ્યાર્થીઓ દ્વારા અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદને રજુઆત કરવામાં આવી હતી. જેથી વિદ્યાર્થી પરિષદ દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે, પ્રેક્ટીકલ લીધા સિવાય વિદ્યાર્થીઓ ફી નહી ભરે જેથી સંસ્થા દ્વારા આગામી દિવસોમાં પ્રેક્ટીકલ લેવામાં આવશે તેવુ જણાવ્યુ હતુ.

# બાયડ તાલુકાના લક્ષ્મીપુરા-દેસાઈપુરા ગામે ચાર લાખની વધુની ચોરી

બાયડ તાલુકામાં ચોરીઓના બનાવમાં સતત વધારો થઈ રહ્યો છે. છતાં પોલીસ હાથ ઉપર હાથ ધરી બેસી રહેતા લોકોમાં રોષ ભભૂકી ઉઠયો હતો. અરવલ્લી જિલ્લામાં નવા જિલ્લા પોલીસ વડાના આવ્યા



બાદ ક્રાઈમના બનાવો ઓછા થઈ ગયા હતા. બાયડ તાલુકામાં એક માસના સમયગાળા દરમિયાન અનેક ચોરીઓના બનાવો બન્યા હતા. ત્યારે બાયડમાં પણ થયેલ ચોરીઓનો ભેદ પણ બાયડ પી.એસ.આઈ. દ્વારા ઉકેલવામાં આવે નથી. ત્યારે એક માસના સમયગાળા દરમિયાન બાયડ તાલુકામાં પણ અનેક જગ્યાએ તસ્કરો દ્વારા ચોરીઓને અંજામ આપવામાં આવ્યો હતો. પોલીસ હાથ પર હાથ ધરીને બેસી રહેતા તસ્કરોને પણ ખુલ્લું મેદાન મળી ગયું હોય તેવુ લાગી રહ્યું છે. પોલીસ તસ્કરોને ક્યારે પકડશે એ તો હવે તેના ઉપર સૌ કોઈની નજર છે.

ત્યારે બાયડ તાલુકાના લક્ષ્મીપુરા-દેસાઈપુરા ગામે મકાનના પાછળના ભાગે રસોડાની લોખંડની જાળી તોડી અંદર પ્રવેશ કરી રૂપિયા ૪,૮૪,૫૦૦ની ચોરી થવા પામી હતી.પીયુશકુમાર રમેશભાઈ પટેલના ફરીયાદના આધારે તા.૪-૧૦-૨૦૨૦ના રોજ બપોરના સુમારે મારા પિતાને તબીયત બગડતા અમદાવાદ ખાતે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. ત્યારબાદ મકાન બંધ કરીને અમદાવાદ ખાતે પિતાની સારવાર માટે રોકાઈ ગયા હતા. તા.૨૦-૧૦-૨૦૨૦ના રોજ સવારના સુમારે લક્ષ્મીપુરા દેસાઈપુરા ગામે આવતા ઘરના પાછળના ભાગેથી કોઈ અજાણ્યા ચોર ઈસમે ઘરમાં પ્રવેશ કરી ઘરની ત્રણ તીજોરી તથા લાકડાના કબાટ તોડી અંદારથી સોના-ચાંદીના દાગીના સોનાની ચેઈન નંગ-૧, સોનાનુ પાદડુ, પગના ચાંદીના છડા, વીંટી નંગ-૨, સોનાનું મંગળસુત્ર, ચાંદીની ગાય, ચાંદીનો સિક્કો, ચાંદીના કડા સહિત મુદ્દામાલ કિંમત ૪,૮૪,૫૦૦ની મત્તાની ચોરી કોઈ ચોર ઈસમો ચોરી કરી ગયા હતા.